સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ વિચરતી અને વિમુક્ત જાતિની આશ્રમશાળાઓનું નામાભિધાન "અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા" કરવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અસમ/૧૦૨૦૧૮/૧૪૧૬/અ૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૧૧/૨૦૧૮

## વંચાણમાં લીધાં:-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૦/૦૭/૨૦૧૮નો પત્ર ક્રમાંક: વિજાક/અમશ/૨૦૧૮-૧૯/૨૫૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૨/૧૦/૨૦૧૮નો પત્ર ક્રમાંક: વિજાક/અમશ/૨૦૧૮-૧૯/૩૨૧

## પ્રસ્તાવના:-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પછાત વર્ગોના બાળકો ભણીગણીને અન્ય સમાજોની હરોળમાં આવી શકે તેમજ તેમનો સામાજિક અને આર્થિક વિકાસ થાય તેવા ઉમદા હેતુથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ચલાવવામાં આવે છે. આ આશ્રમશાળાઓમાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને ભણવા ઉપરાંત રહેવા-જમવાની વ્યવસ્થા સાથે પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. અનુભવે જણાયું છે કે "આશ્રમશાળા" નામાભિધાનના કારણે બાળકોના વાલીઓને અનાથ બાળકો માટેની વ્યવસ્થા સારૂ "આશ્રમશાળા"માં હશે તેવા ભાવથી ગરીબ માતા-પિતા કે વાલીઓ પોતાના બાળકોને આશ્રમશાળામાં ભણવા મોકલવામાં સંકોચ અનુભવતા હોય છે. પરિણામે ગરીબ વાલીઓ આ ઉમદા યોજનાનો મહત્તમ લાભ લેવામાં સંકોચ અનુભવે છે. ઉપરોક્ત સંજોગોમાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨)થી "આશ્રમશાળા" નામાભિધાનને સ્થાને "અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા" (Grant in aid Residential Primary School) તે મુજબનું નામાભિધાન રાખવાની દરખાસ્ત મોકલી હતી જે સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

નિયામક વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર
19 NOV 2018
શાખા.........
ઇનવર્ડ નં. ૧૮૨૫

**ઠ રા વ :-**

પુખ્ત વિચારણાના અંતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ વિચરતી અને વિમુક્ત જાતિની આશ્રમશાળાઓનું નામાભિધાન "અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા" (Grant in aid Residential Primary School) કરવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૨/૧૧/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજ્યકક્ષા મંત્રીશ્રી, (સા.શૈ.પ.વ.)નાં અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા. અને અધિ.વિ.), સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું/ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું/ સમાજ સુરક્ષા ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રીઓ/ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (નિયામકશ્રી(વિ.જા.ક. મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- સર્વે શાખાઓ/અધિકારીશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર ઠરાવ મૂકવા અંગેની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ